# નોટબંધીથી અર્થતંત્ર પાયમાલ : રાહુલ ગાંધી

**અચ્છે દિનના બદલે હવે ચોકીદાર ચોર છે ના નારા લાગે છે : ધરમપુરમાં રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફુક્યું : નોટબંધી-જીએસટીના નિર્ણયો લઇ નરેન્દ્ર મોદીએ દેશને બરબાદ કર્યો હોવાનો આક્ષેપ : તેમની સરકાર આવશે તો જીએસટીને બદલી સરળ કરાશે : રાહુલ**

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાત લોકસભાની આગામી ચૂંટણીને લઈ કોંગ્રેસના ચૂંટણી પ્રચારનું રણશિંગુ વલસાડના ધરમપુરના લાલ ડુંગરી મેદાન ખાતેથી ફુંક્યું હતું. ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરતાં વિશાળ જનમેદનીભરી જાહેરસભાને સંબોધતાં રાહુલ ગાંધીએ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહના પુત્ર જય શાહ અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરી તેમને રીતસરના આડા હાથે લીધા હતા. રાહુલે જણાવ્યું કે, દેશમાં પહેલા અચ્છે દિનના નારા લાગતા હતા પરંતુ હવે ચોકીદાર જ ચોર છે તેવા નારા લાગી રહ્યા છે. ગુજરાત સહિત દેશની જનતા મોદીની ભરમ અને ડરની રાજનીતિને સારી પેઠે જાણી ગઈ છે. મોદીના નોટબંધી અને જીએસટીના તખલઘી નિર્ણયે દેશને બરબાદ કરી નાંખ્યો છે. રાફેલ ડીલમાં મોદીએ ઉદ્યોગપતિ અનિલ અંબાણીને રૂ.૩૦ હજાર કરોડનો ફાયદો કરાવ્યો છે. એકબાજુ, ખેડૂતો દેવામાફીની રાહ જોઇ રહ્યા અને દેવામાફીની માંગ કરી રહ્યા છે પરંતુ મોદી સરકાર અને ભાજપ ખેડૂતોના દેવામાફીની વિરોધમાં છે. ધરમપુરના ઐતિહાસિક લાલ ડુંગરી મેદાનથી રાહુલ ગાંધીએ પાંચ



લોકસભા મત વિસ્તારને આવરી લેતી વિશાળ જાહેરસભાને સંબોધન કર્યું હતું. રાહુલ ગાંધીએ વડાપ્રધાનને રાફેલ મુદ્દે આડેહાથે લેતા જણાવ્યું કે, ચોકીદારની ચોરી પકડાઈ ગઈ છે. અનિલ અંબાણીને એક ઝાટકે ૩૦ હજાર કરોડ આપી વાયુસેના પાયલોટના ખિસ્સાના રૂપિયા છીનવી લીધા. ફ્રાંસના રાષ્ટ્રપતિને પણ મોદીએ કહ્યુ એચએએલને હટાવાખ, અંબાણીને આપો એટલે હવે ચોકીદાર ચોર છેના નારા દેશ બહાર ફ્રાંસમાં પણ લાગે છે. બધાને ખબર છે પરંતુ આ ચોરી વિષે મોદી એક શબ્દ પણ બોલતા નથી. લોકસભામાં દોઢ કલાક ભાષણ આપ્યું તેમાં રાફેલનો ર પણ બોલ્યા નહીં અને કોઈ સાથે તેઓ નજર પણ મિલાવી શકતા નથી. રાહુલ ગાંધીએ આદિવાસીઓને સંબોધતા કહ્યું કે, અમારી લડાઈ જળ, જમીન અને જંગલના મુદ્દે છે. વિકાસના કામોનો વિરોધ નથી પણ ખેડૂતોની જમીનની ઓછા ભાવ આપીને આ કરવું યોગ્ય નથી. સાગરમાલા, ભારતમાલા, બુલેટટ્રેન, ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરના નામે આદિવાસીઓની જમીનના ઓછા પૈસા આપો તે નહીં ચાલે. અમે ભૂમિ અધિગ્રહણ બીલ લાવ્યા હતા, તેમાં મોદીએ ફેરફાર કરીને તેની શક્તિ ઘટાડી નાખી છે. અમે ફરી એ બીલ લાવીશું. છત્તીસગઢમાં ટાટાએ પાંચ વર્ષમાં કામ ન શરૂ કરતાં જમીન ખેડૂતોને પરત કરી. રાહુલ ગાંધીએ દેવા માફીના વચન અંગે ગુજરાતની જનતાને વિશ્વાસ અપાવતાં જણાવ્યું કે, કોંગ્રેસે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ૧૦ દિવસમાં દેવા માફીની વાત કરી હતી. પરંતુ પાંચ કલાક અને ત્રણ દિવસમાં દેવા માફ કરી બતાવ્યા. ઉદ્યોગપતિઓના દેવા મોદી સરકાર માફ કરે તો, અમે ખેડૂતોના દેવા માફ કરીશું. મોદીએ રાત્રે આઠ વાગ્યે નોટબંધીની જાહેરાત કરીને દેશને લાઈનમાં લગાવી દીધો હતો. આ લાઈનમાં કોઈ કરોડપતિ જોવા નહોતો મળ્યો. અનિલ અંબાણી ક્યાંય દેખાય નહોતાં. જય શાહના ૭૦૦ કરોડ વ્હાઈટ થઈ ગયાં અને કરોડપતિઓના રૂપિયા પાછલા દરવાજે બેંકમાં જતાં હતાં. શું મોદી તમામ ગરીબો અને નાના કામદારોને ચોર સમજે છે. કાળું નાણું આવવાનું તો દૂર રહ્યું પરંતુ અર્થતંત્રની કમર નોટબંધીએ તોડી નાંખી. આટલું ઓછું હોય તેમ પડતા પર પાટુ મારવા જેવો ઘાટ કરી મોદીએ નોટબંધીના ઘા બાદ જીએસટીનો બીજો કુઠારાઘાત માર્યો અને નાના દુકાનદારો, નાના ઉદ્યોગો સહિતના વ્યાપારીતંત્રને તોડી નાંખ્યું.

# ડીસાના ડાવસમાં દેખાયેલો દીપડો પાંજરે પુરાયો

ડીસા, તા. ૧૪

બનાસકાંઠાના ડીસા તાલુકાનાં ડાવસ ગામમાં આજે



વહેલી સવારે એક ખેતરમાં દીપડો દેખાતા નાસભાગ મચી ગઈ હતી. જો કે નવ કલાકના રેસક્યું ઓપરેશન બાદ દીપડાને સહી સલામત રીતે ઝડપી પાડવામાં વન વિભાગની ટિમને સફળતા મળતા આ વિસ્તારના લોકોએ હાશકારો અનુભવ્યો છે.

વર્તમાન સમયમાં જંગલોના થઈ રહેલા નાશને પગલે વન્ય પ્રાણીઓ હવે ખોરાકની શોધમાં માનવ વસવાટ તરફ આવી રહ્યા છે. તાજેતરમાં મહીસાગરમાં દુર્લભ વાઘ દેખાયા બાદ આજે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાનાં ડાવસ ગામમાં પણ કદાવર દીપડો માનવ વસવાટમાં ઘૂસી આવ્યો હતો. વહેલી સવારે ડાવસ ગામના સુરસિંહ વાઘેલા તેમના ખેતર પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન ડાવસ ગામની જાગૃતિ શાળાની પાછળના ભાગમાં ખેતરમાં વાવેલા બટાટાના પાકમાં છુપાયેલો દીપડો નજરે પડતાં સુરસિંહ વાઘેલાએ આ અંગે તાત્કાલિક વન વિભાગને જાણ કરતાં વન વિભાગની ટિમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને દીપડાને પકડી પાડવાનું રેસક્યું ઓપરેશન હાથ ધરાયું હતું. ડાવસ ગામમાં દીપડો ઘૂસી આવ્યો હોવાના સમાચાર મળતા દીપડાને જોવા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. અને બટાટાના પાકમાં છુપાઈને બેઠેલા દીપડાને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરાઈ હતી. જો કે દીપડો આવ્યો હોવાની સમયસર જાણ થઈ જતાં સદનસીબે કોઈને ઈજાઓ થઈ નથી. જેથી ખેતરના માલિક સહિત ગ્રામજનોએ પણ હાશકારો અનુભવ્યો છે.

# આજે પ્રાથમિક શિક્ષકોનો જિલ્લાફેર બદલી કેમ્પ

સાબરકાંઠામાં આવેલી વિવિધ પ્રાથમિક શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાનની કુલ ખાલી જગ્યાઓ પૈકી ૪૦ ટકા જગ્યાઓ ભરવા માટે તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ હિંમતનગર કાંકણોલ ખાતે આવેલ બીઆરસી ભવન ખાતે જિલ્લા ફેરબદલી કેમ્પનું આયોજન કરાયું છે.

આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના જણાવાયા મુજબ તા. ૧૫ ફેબ્રુઆરીએ યોજાનાર જિલ્લા ફેરબદલી કેમ્પમાં અત્યારે ભાષાની ૩૬, ગણિત વિજ્ઞાનની ૪૬ જ્યારે સામાજિક વિજ્ઞાનની ૨૩ જગ્યાઓ ખાલી છે. જે પૈકી ૪૦ ટકા એટલે કે ભાષાની ૧૪, ગણિત વિજ્ઞાનની ૧૮ જ્યારે સામાજીક વિજ્ઞાનની ૯ જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી કરવામાં આવશે.

બદલી કેમ્પ અપર પ્રાયમરી એટલે કે ધો. ૫ થી ૭ની જગ્યાઓ માટેનો છે ત્યારે આગામી દિવસોમાં અન્ય શિક્ષકો માટે પણ જિલ્લા ફેરબદલીનો કેમ્પ યોજાય તેવુ શિક્ષક આલમમાં ચર્ચાઈ રહ્યુંછે. સાબરકાંઠા જિલ્લામાં શિક્ષણક્ષેત્રની વાત કરીએ તો જિલ્લામાં આવેલી ઘણી બધી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ હોવાને કારણે ગામના વાલીઓ તેમના બાળકોને સ્થાનિક પ્રાથમિક શાળામાં ભણવા મોકલતા નથી. શિક્ષકોને પણ બાળકોની ઓછી હાજરીને લીધે ફાજલ પડવાનો ભય સતાવી રહ્યો છે.

# અમદાવાદમાં જાપાન-ઈન્ડિયા કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન

**જાપાન-ગુજરાત મિત્રતા વધે અને જાપાનનું ભારત ખાતેનું વિકાસમથક ગુજરાત બને તે જરૂરી છે : સંજીવ મહેતા**

ગાંધીનગર, તા. ૧૪

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી માસમાં મેટ્રો ટ્રેનનું ઉદ્ઘાટન કરવા આવી રહ્યા છે. તંત્ર દ્વારા તેની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાતમાં મેટ્રોટ્રેન અને બુલેટ ટ્રેનના લોન પ્રોવાયડર જાપાનની કંપની ''જાયકા એલ્યુમીની''ના એસોસીએશનના પ્રમુખ સંજીવ મહેતાના નેતૃત્વમાં જાપાન ઈન્ડિયા કલ્ચર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ છે.

આગામી ૧૬મી ફેબ્રુઆરી-૨૦૧૯ના રોજ બપોરે ૪ કલાકે અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે યોજાનાર આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતીઓ અને જાપાનીઝ લોકોનું તાદાત્મ્ય વધે, વધુ પ્રમાણમાં સાંસ્કૃતિક



એક્ષ્ચેંજ કાર્યક્રમો યોજાય અને જાપાન ઈન્ડિયાના વિકાસના મુખ્ય મથક તરીકે ગુજરાત બને તે અપેક્ષીત સેવાનું જણાવતાં પ્રમુખ સંજીવ મહેતા તથા મંત્રી પી.કે. સરકારે સૌને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે.

આ કાર્યક્રમમાં જાપાનીઝ લેંગ્વેજ, જાપાનીઝ ક્વીઝ, ઈન્ડિયન જાપાનીઝ ડાન્સ તથા મેટ્રો અને બુલેટ ટ્રેન વિશે માહિતી આપવામાં આવશે.

સમારંભમાં અતિથિ તરીકે ટેક્ષગુરૂ મુકેશ પટેલ, મેટ્રોના એમ.ડી. આઈ.પી. ગૌતમ, એસ. જગદીશન, ડૉ. ધવલ પરીખ તથા જાયકાના ભારત ખાતેના ઈન્ચાર્જ કુરૂયામા તથા જાપાનીઝ વૉલન્ટીયર્સ ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીનું માર્ગદર્શન મહત્વનું બની રહ્યું છે.

**વાંદીયોલ સાબર સ્કૂલ ઓફ નર્સિંગની વિદ્યાર્થિની**

# ઝાડ પર ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળતા હત્યા કે આત્મહત્યાનું ઘુંટાતું રહસ્ય

ગુજરાતમાં આત્મહત્યાના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. શાળામાં, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભણતરના ભાર નીચે અને વાલીઓના અપેક્ષાના બોજ નીચે માનસિક તણાવ અનુભવતા હોવાથી આત્મહત્યાનો માર્ગ અખત્યાર કરતા હોય છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંદીયોલ ગામે આવેલ સાબર સ્કૂલ ઓફ નર્સિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિજયનગરના કણાદર ગામના અજયકુમાર શાંતિલાલ ખરાડીનો મૃતદેહ વાંદીયોલ ગામના તળાવ નજીક ખેતરમાં ઝાડ પર ફાંસો ખાધેલી હાલતમાં લટકતો હોવાની જાણ થતા ભારે ચકચાર મચી હતી ઘટનાની જાણ નર્સિંગ કોલેજના ટ્રસ્ટીઓને થતા શામળાજી પોલીસ અને વિદ્યાર્થીઓના પરિવારજનોને થતા ઘટનસ્થળે ધસી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના કણાદર ગામનો અજયકુમાર શાંતિલાલ ખરાડી નામનો વિદ્યાર્થી ભિલોડા તાલુકાના વાંદીયોલ નજીક આવેલી સાબર સ્કૂલ નર્સિંગમાં જીએનએમ કોર્સના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો અને ઘરેથી કોલેજ અપડાઉન કરતો હતો. બે દિવસ પહેલા નર્સિંગ કોલેજમાં અભ્યાસ અર્થે ગયેલો અજય બે દિવસ સુધી ઘરે પરત ન ફરતા તેના પિતાએ નર્સિંગ કોલેજમાં તપાસ કરતા કોલેજમાં પણ બે દિવસથી આવ્યો ન હોવાનું કોલેજ તરફથી જાણવા મળતા પરિવારજનોમાં ફાળ પડી હતી ગુરુવારે વાંદીયોલ તળાવ નજીક આવેલા ખેતરમાં ઝાડ પર અજાણ્યા યુવકનો મૃતદેહ લટકતો જોવા મળતા સરપંચને જાણ કરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ટ્રસ્ટીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ તેમનો વિદ્યાર્થી હોવાનું જણાતા મૃતક યુવકના પરિવારજનો અને પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દિવ્યાંગ ખેડૂતો કતારમાં... ● પાંચમા પાનાનું ચાલુ

ખેડૂતોને૧૧ ફેબ્રુઆરીથી ૧૮ ફેબ્રુઆરી સુધી રજીસ્ટ્રેશન કરવા સુચના આપી દેવાઈ છે. ત્યારે ઝુંબેશ રૂપે અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર મહત્તમ ખેડૂતોને યોજનાનો લાભ આપવા પ્રયાસો હાથ ધરી રહયું છે. પરંતુ બીજી તરફ વારંવાર સર્વર ખોટકાઈ જવાની સમસ્યાને કારણે ખેડૂતોને ઉતારા કે રજીસ્ટ્રેશન કરાવવામાં તકલીફો પડી રહી છે. પરિણામે જીલ્લાભરની ગ્રામ પંચાયતોમાં યોજનાનો લાભ લેવા ખેડૂતોની કતારો લાગી ગઈ છે.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજુ કરવામાં આવેલ બજેટમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલમાં મુકી ખેડુતોની આવક વધારવાના ભાગરૂપે તેમજ નાના અને સીમાંત ખેડુતોને સહાય રૂપ થવા દરેક ખેડૂતને વર્ષે ૬૦૦૦ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરવામાં આવી છે. યોજના અંતર્ગત માત્ર ૨ હેકટર (૨૦૦ ગુઠા)જમીન ધરાવતાં ખેડૂત પરિવારોને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે. યોજના અનુસાર ૨ હેકટર કરાતાં વધું જમીન હોય તેમજ તે જમીનમાં એક કરતાં વ્યક્તિઓનો વધુ માલિકી હક દાખલ થયેલ હોય તો દરેક વ્યક્તિ દીઠ ૨ હેકટરની મર્યાદામાં સહાય મળવા પાત્ર છે. આ યોજનાનો પ્રથમ હપ્તો મેળવવા માટે ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવાની સમય અવધી પૂર્ણતાને આરે છે. ત્યારે અરવલ્લી જીલ્લા પ્રશાસાન દ્વારા મહત્તમ ખેડૂતોને યોજનાનો લાભ મળી શકે તે માટે પ્રયાસો હાથ ધરી રહ્યુ છે.

પરંતુ ટેક્નિકલ ખામીઓ અને રજીસ્ટ્રેશન કરનાર ઓછા સ્ટાફનાં કારણે યોજનાનો લાભ લેવા ખેડૂતો ગ્રામપંચાયતોમાં રાત દિવસ ધક્કા ખાઈ રહયા છે. રજીસ્ટ્રેશન કરતી વખતે વારંવાર સર્વર ખોટકાઈ જવાને કારણે યોજનાના રજીસ્ટ્રેશન માટે જરુરી ઉતારા મળી શકતા નથી તો કેટલીક ગ્રામ પંચાયતોમાં ઉતારાના કાગળો ખૂટી પડતાં ખેડુતો ફોર્મ ભર્યા વગર બેસી રહયા છે. જોકે સર્વરની ખામીઓને કારણે કેટલીક ગ્રામપંચાયતો ખાતે ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટરો રાત્રિ દરમ્યાન ઉતારા કાઢી મહત્તમ ખેડૂતોને ઉતાર કાઢી આપી યોજનાનો લાભ આપવા સહાયભૂત થઈ રહ્યાં છે. આ સંજોગોમાં વધુ ને વધુ ખેડૂતોને યોજનાકીય લાભ મળે તે માટે પ્રશાસન કામે લાગ્યું હોવાનું જીલ્લા કલેકટર એમ.નાગરાજને જણાવ્યું હતુ.

## આતંકી હુમલો... ● પહેલા પાનાનું ચાલુ

કર્યા હતા પરંતુ અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. કાફલાની જે બસને ત્રાસવાદીઓએ ટાર્ગેટ બનાવી હતી તેમાં ૩૫ જવાનો હતા. બીજી બાજુ હુમલાખોર આદિલ ૨૦૧૮માં જૈશમાં સામેલ થયો હતો. ઘાયલ થયેલા જવાનો પૈકી અનેકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. જે કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો તે જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો તેમાં ૨૦૦૦ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરાયો તેમાં ૭૦ વાહનો હતા. આમાથી એક ગાડીને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. સીઆરપીએફના આઈજી ઝુલ્ફીકાર હસને કહ્યું છે કે, પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. સેના, જમ્મુ કાશ્મીર અને સીઆરપીએફ દ્વારા મોરચા સંભાળી લઈને સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં અગાઉ પણ ભીષણ હુમલા થતાં રહ્યા છે. આજે હુમલો કરવામાં આવ્યા બાદ દક્ષિણ કાશ્મીરને એલર્ટ જારી કરીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ ઓપરેશની પ્રક્રિયા હવે આગામી દિવસોમાં પણ જારી રહે તેવી શક્યતા છે. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ વર્ષોથી સક્રિય રહ્યા છે અને આતંકવાદીઓ સામે સર્ચ ઓપરેશન અને ઓપરેશન ઓલઆઉટ યુદ્ધના ધોરણે જારી છે ત્યારે આ આતંકવાદી હુમલાને મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. જુદા જુદા વિસ્તારોમાં હુમલા બાદ તરત જ સર્ચ ઓપરેશન ચાલી રહ્યા છે. બ્લાસ્ટના સ્થળે ફોરેન્સિક વિભાગની ટીમો પહોંચી ગઈ છે. રાષ્ટ્રીય રાયફલ અને અન્ય સુરક્ષા દળોની ટીમો પણ પહોંચી ચુકી છે. આતંકવાદીઓના શંકાસ્પદ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. જમ્મુ કાશ્મીર પોલીસના આઈજી કાશ્મીર રેંજ પ્રકાશ પાનીએ મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું છે કે, આ ત્રાસવાદી હુમલો છે. ત્યારબાદ તપાસ થઈ રહી છે. શહીદોની સંખ્યા અંગે પુરતી માહિતી મળી શકી નથી પરંતુ પોલીસ, ફોરેન્સિક વિભાગ અને બોંબ ડિસ્પોઝલ ટીમો પુરાવા એકત્રિત કરવામાં લાગી ગઈ છે. જૈશના અફઝલ ગુરુ સ્કવોડે અગાઉ પણ અનેક હુમલાઓને અંજામ આપ્યા છે. આ પહેલા રવિવારના દિવસે પણ શ્રીનગરના લાલચોક ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સાત પોલીસ જવાનો શહીદ થયા હતા. આ પહેલા ૩૦ અને ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે પુલવામામાં બીએસએફના જવાનો ઉપર પણ આ ત્રાસવાદી ટોળકીએ હુમલો કર્યો હતો.

# ગજ્જર સુથાર સમાજનો ૧૨મો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૧૪

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૧૨મો સમૂહ લગ્નોત્સવ તથા સાધારણ સભા તથા શ્રેષ્ઠીઓનું સન્માન શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને ધર્મજમાં યોજાયો હતો.

સમૂહલગ્નમાં ૧૯ યુગલ દંપતીઓને સોનાની વીંટી, ચાંદીના સાંકળા તથા ઘરવખરીનો સામાન સહિત ૫૯ ચીજવસ્તુઓ આપવામાં આવી હતી.

દિપ પ્રાગટ્ય કાવી-કંબોઈ સ્તંભશ્વેર તીર્થના મહારાજ વિદ્યાનંદજીએ કર્યો હતો. ઘનશ્યામભાઈ, ડૉ. અમીતભાઈ, જયંતિભાઈ મેવાડા, પ્રમુખ ઠાકોર મિસ્ત્રીએ કરાવ્યો હતો.

## કરોડની આવક... ● છેલ્લા પાનાનું ચાલુ

સેવાનો ઉપયોગ કરવા તરફ વળ્યા છે. જયારે ખાનગી વાહનોની જોખમી મુસાફરો ટાળવા તેમજ એસ ટી ની સલામત સવારી સસ્તા ભાડામાં થઈ શકે તે માટે પણ એસ ટી બસના ઉપયોગને વધુ અગ્રતા આપે છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા કર્મચારીઓ સહીત વિદ્યાર્થીઓ પણ આ બસ સેવાનો વિશેષ ઉપયોગ કરે છે. જેના લીધે એસ ટી ની સલામત સવારી ટ્રાફિકથી ભરેલી જોવા મળે છે. ગાંધીનગર એસ ટી ડેપોએ પણ છેલ્લા એક વર્ષમાં રૂ ૧૮.૨૫ કરોડની તોતિંગ આવક કરી છે. વર્ષ ૨૦૧૮ દરમિયાન ગાંધીનગર ડેપોએ સલામત સવારીની વધુ ટ્રીપ દોડાવી તોતિંગ આવક રળી છે. જયારે એસ ટી બસ સેવાને વધુ અસરકારક બનાવવા ઉપરાંત મુસાફરોની સલામતીથી માંડીને અન્ય સુવિધાઓ અંગેના પરિબળોને પણ યોગ્ય કરવામાં આવે તેવો સુર પણ અપડાઉનકર્તાઓમાં ઉઠવા પામ્યો છે.

# ખબરે અનોખી...

## બંદૂકની ગોળીથી પણ ઝડપી દોડે છે સાત વર્ષનો બાળક

જયારે મેદાનમાં દોડવાની વાત થાય છે ત્યારે લોકોના મોઢે અનેક દોડવીરના નામ આવે છે. એવું પણ કહેવાય છે કે ઉસેન બોલ્ટ દોડવાનું શરૂ કરે છે ત્યારે બંદૂકની ગોળી પણ પાછળ રહી જાય છે. હાલ આવો જ એક સાત વર્ષનો બાળક ઝડપી દોડવાના કારણે ચર્ચામાં છે. આ બાળક માત્ર ૭ વર્ષનો છે પરંતુ તેની ઝડપ બોલ્ટ અને બુલેટથી પણ ઓછી નથી. આ બાળકનું નામ રૂડોલફ ઈનગ્રામ છે ઉંમર નાની છે પરંતુ અંદાજ ઘણો વિશાળ છે. રૂડોલફના ચાહકો તેને બ્લેઝ કહીને પણ બોલાવે છે એટલે કે જવાલા ચાહકોનું માનવું છે કે બ્લેઝ આગળના સમયમાં જ્વાળામુખી બની જશે.

## કબ્રસ્તાનમાંથી મળ્યો ૪૩૩ કરોડ રૂપિયાનો ખજાનો

ઈન્કમટેક્ષ વિભાગના એક અનોખા દરોડામાં તમિલનાડુ રાજ્યના એક કબ્રસ્તાનમાંથી ૪૩૩ કરોડ રૂપિયાનો ખજાનો ઈન્કમટેક્ષ વિભાગના કર્મચારીઓને મળ્યો છે. ઈન્કમટેક્સ વિભાગે નવ દિવસ સુધી આ કબ્રસ્તાનમાં ખોદકામ કર્યુ હતું જેથી તેમને કરોડો રૂપિયાનું સોનું હીરા ઝવેરાત અને રોકડ રૂપિયાનો ખજાનો મળી આવ્યો છે. ઈન્કમટેક્સ વિભાગની ટીમો હજી પણ તપાસનો ધમધમાટ ચલાવી રહી છે. ચેન્નઈના ત્રણ વેપારીઓએ ઈન્કમટેક્સથી બચવા માટે ૧૨ કિલો સોનુ ૨૫ કરોડ રૂપિયા રોકડા અને કરોડોની કિંમતના હીરા એક કબ્રસ્તાનમાં કબરોની વચ્ચે છુપાવી દીધા હતા. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે આ ત્રણેય વેપારીઓના ૭૨થી વધુ સ્થળો પર દરોડા પાડયા હતા પરંતુ ત્યાં કશું પણ હાથે લાગ્યું ના હતું. એક જાણભેદુ વ્યક્તિએ ઈન્કમટેક્સ વિભાગની કબ્રસ્તાનમાં છુપાવેલા કરોડો રૂપિયા અંગે માહિતી આપી દીધી હતી જેથી ઈન્કમટેક્સ વિભાગે કબ્રસ્તાનમાં દરોડા પાડયા હતા અને કબ્રસ્તાનમાં કરોડો રૂપિયાની મિલકત જોઈ અધિકારીઓ ચોંકી ઉઠયા હતા અને તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો.

## પ્રપોઝ કરતા જ છોકરીઓએ છોકરાની લાતોથી પીટાઈ કરી નાખી

વેલેન્ટાઈન ડેના એક દિવસ પહેલાં રાજસ્થાનના જોધપુર એક છોકરાને એક તરફી પ્રેમનો એકરાર કરવાનો ભારે પડી ગયો હતો. એક યુવક છોકરીને પ્રપોઝ કરવા માટે તેની પાછળ પાછળ જોધપુરની પાસે આવેલી સરકારી સ્કૂલ સુધી પહોંચી ગયો હતો જ્યાં તેને છોકરીને પ્રપોઝ કરી પોતાના પ્રેમનો એકરાર કર્યો હતો. છોકરી આ યુવકને બિલકુલ પસંદ કરતી નથી. છોકરીએ જોતજોતામાં જ નજીકની બહેનપણીઓને ભેગી કરી યુવકને પાઠ ભણાવવાનું નક્કી કર્યુ હતું. બધી બહેનપણીઓ ભેગી થઈ ગઈને જાહેરમાં લાતોથી પીટી નાખ્યો હતો અને યુવક જેમતેમ જીવ બચાવી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જાહેરમાં જ મારામારીની ઘટનાથી લોકો ટોળે વળ્યા હતા.

## ૭૦ થાંભલા પર લટકેલું અનોખું મંદિર

આજે આપણે દક્ષિણ ભારતના એક એવા મંદિરની વાત કરીશું કે જે મંદિર ૭૦ જેટલા થાંભલાઓ પર લટકેલુ છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે તેનો એક પણ થાંભલો જમીન પર પડતો નથી. આ વાત પર તમને કદાચ વિશ્વાસ થતો નહીં હોય પરંતુ આ હકીકત છે. દક્ષિણ ભારતના પ્રમુખ મંદિરોમાં લેપાક્ષી મંદિર પોતાના વૈભવશાળી ઈતિહાસ માટે પ્રસિદ્ધ છે. તે આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાં આવેલું છે આ મંદિરને હેંગિંગ પિલર ટેમ્પલ તરીકે પણ ઓળખવામાં આવે છે. મંદિર કુલ ૭૦ થાંભલાઓ પર ઊભેલું છે પરંતુ આ મંદિરનો એક પણ થાંભલો જમીન પર પડતો નથી અનેક ઈતિહાસકારો અને વૈજ્ઞાનિકોએ આ મંદિરના રહસ્ય જાણવા પ્રયત્નો કર્યા છે પરંતુ તેમાં તમામ નિષ્ફળ નીવડયા છે. ધાર્મિક માન્યતા પ્રમાણે એવું પણ કહેવામાં આવે છે કે આ થાંભલાની નીચે એક કપડું પસાર કરવાથી પરિવારમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ આવે છે હજારો શ્રદ્ધાળુઓ આ મંદિરમાં દર્શન માટે ઉમટે છે.

## રશિયામાં ૮૦ વર્ષની મહિલાએ પોતાના ભાડુઆતના શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા

રશિયામાં ૮૦ વર્ષની એક મહિલાની પોતાના પુરૂષને જાનથી મારી નાખવાના આરોપસર ધરપકડ કરી લેવામાં આવી છે. મહિલાની ધરપકડ ત્યારે થઈ હતી જ્યારે બાળકોને પુરૂષ ભાડુઆતના શરીરના કેટલાક ટુકડા મળી આવ્યા હતા. સ્થાનિક કોર્ટના જજે મહિલાને એક હત્યાની કેસના તપાસસર બે મહિનાની કસ્ટડીમાં મોકલી આપી છે. પુરૂષ ભાડુઆતના આંતરડા સહિતના કેટલાક અંગો મહિલાના ફ્રીજમાંથી મળી આવ્યા હતા. મહિલા આટલી ક્રૂર કેવી રીતે બની તે અંગેની કોઈપણ માહિતી હજુ સુધી મળી નથી. પોલીસે આ દિશામાં તપાસ શરૂ કરી છે.

## ૬ વર્ષના બાળકની તેની મા સામે જ ગળુ કાપી હત્યા કરી દેવાઈ

સાઉદી અરબમાં એક છ વર્ષના બાળકની તેની મા સામે જ નિર્દયતાથી ગળુ કાપી હત્યા કરી દેવાનો કિસ્સો સામે આવ્યો છે. આ બાળકની ભુલ માત્ર એટલી જ હતી કે તે ઈસ્લામના એક અલગ સંપ્રદાયનો હતો. આ બાળક પોતાની મા સાથે પૈગમ્બર મહમંદ મદીનાની દરગાહ પર આવ્યો હતો. આ બાળકનું નામ જકારીયા અલ જુબેર છે. આ બાળકનું કાચથી ગળુ કાપવામાં આવ્યુ હતુ. જ્યારે બાળકનુ ગળુ કાપવામાં આવી રહ્યુ હતુ ત્યારે તેની મા ભારે રોકકળ કરી રહી હતી અને બૂમો પાડી તેને છોડી દેવા માટે કહી રહી હતી. પરંતુ હત્યારાનું દિલ બાળકનો ચહેરો જોઈ કે માની બુમોથી પણ પીગળ્યુ ન હતુ.

# ડીસામાં ખોડિયાર જયંતીની ઉજવણી

ગતરોજ આઈ શ્રી ખોડીયાર માતાજીના પ્રાગટ્યદિન નિમિતે સર્વત્ર ખોડીયાર જયંતિની ભક્તિભાવથી ઉજવણી કરાઈ હતી. ખોડિયાર જયંતી નિમિત્તે ડીસાના બગીચા વિસ્તારમાં શાકમાર્કેટ સામે આવેલ ખોડિયાર માતાજીના મંદિરે પણ દર્શનાર્થીઓની ભારે ભીડ જામી હતી. આ પ્રસંગે ભાવિકોને પરંપરાગત રીતે લાપસીના મહાપ્રસાદનું વિતરણ કરાયું હતું.


**રી-ટેન્ડરીંગ જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**
**વર્ષ ૨૦૧૮ - ૧૯**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ,**
**સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઓનલાઈન ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફીની રકમ | ઈ.એમ.ડી. રકમ |
|---|---|---|---|
| | ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ટોઈલેટ બ્લોકની જાળવણી (ઓપરેશન અને મેન્ટેનન્સ) તથા નિભાવણી કરવા માટે જરૂરી સફાઈના સાધનો, જેવા કે એસીડ, ફિનાઈલ, એરપ્યોરીફાયર વગેરે તથા મેન પાવર (કેરટેકર) અને બાંધકામ - ઈલેક્ટ્રોનિક સમારકામ, માલસામાન વગેરે સહિતનું કામ ઝોન નં. ૧ અને ઝોન નં. ૨ દીઠ | રૂ. ૫૦૦૦/- | રૂ. ૧૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૪-૨-૨૦૧૯ સાંજે ૧૬.૦૦ કલાકથી તા. ૨૫-૨-૨૦૧૯ સુધી સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબ સાઈટ : www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે અને ગાંધીનગર મહાનગરપાલિકાની વેબ સાઈટ www.gmc-egovern.ofg.in ઉપરથી જોઈ શકશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈ પણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનિકલ બીડ અને ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈ.એમ.ડી.)ના ડીમાન્ડ ડ્રાફટ તા. ૫-૩-૨૦૧૯ સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે અને તા. ૬-૩-૨૦૧૯ સમય ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. (શક્ય હશે તો)

સ્થળ : ગાંધીનગર
તા. ૧૨-૨-૨૦૧૯
**નાયબ મ્યુનિસિપલ કમિશનર**
ગાંધીનગર મહાનગરપાલિકા

**માહિતી/૨૯૪૨/૧૮-૧૯**